મેઘધનુષ
ગુજરાત ટુડે
રવિવાર
તા.૨૭-૩-૨૦૨૨

ઘરે બેઠા કમાણી કરી આપતી કન્ટેન્ટ રાઈટિંગની દુનિયા ગૃહિણીઓ, નિવૃત્તો અને વિદ્યાર્થીઓ માટે આદર્શ કરિયર

કન્ટેન્ટ રાઇટર્સ બનવા માટે કોઇ ડિગ્રીની જરૂરિયાત નથી કે તેના વિષે કોઇ કોર્ષ કરવાની જરૂર નથી. કોઇ ટીનેજર હોય કે સિનિયર સિટિઝન, જો તેમનો ભાષા ઉપર પ્રભુત્વ હોય તો તેઓ કન્ટેન્ટ રાઇટર્સ બની શકે છે. બસ ખાલી લોકો સમજી શકે તેવી ભાષામાં રચનાત્મક દિમાગ, સ્પષ્ટ લખાણ, સચોટ વ્યાકરણ, સારા શબ્દ પ્રયોગો અને લોકોને સરળતાથી ગળે ઊતરી જાય તે રીતે લખવાની આવડત હોય તો વ્યક્તિ કન્ટેન્ટ રાઇટર્સ બની શકે છે. કન્ટેન્ટ રાઇટર્સ પોતાની પસંદગીની ભાષા ઉપર લખી શકે છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ કે પછી કોઇપણ ભાષા હોય તેના ઉપર તમારુ પ્રભુત્વ હોય તો તમને ક્યાંકને ક્યાંક કામ તો મળી જ રહે છે

કેમ છો મિત્રો, સહુ મજામાં જ હશો. આજે આપણે એક એવી કરિયરની વાત કરવી છે કે જો તેમાં રસ પડે તો એક આદર્શ કરિયર બની શકે છે. વાત કરવાની છે કન્ટેન્ટ રાઈટિંગની કરિયર વિશે. ખાસ કરીને વિદ્યાર્થીઓ, નિવૃત્ત વ્યક્તિઓ તેમજ ગૃહિણીઓ માટે આ એક ઉત્તમ કરિયર છે. કારણ કે તમે ઘરે બેઠા, પાર્ટ ટાઇમ અને તમારી અનુકૂળતાએ કામ કરવાની તમને વ્યાપક સ્વતંત્રતા આપે છે. વળી આ એક એવી કરિયર છે કે સાંપ્રત સમયમાં તેની ખૂબ જ માગ છે અને તેના માટે કોઇ ખાસ તાલીમ કે મૂડીરોકાણની જરૂર નથી અને તેમ છતાં સારી એવી કમાણી કરીને પગભર અને આર્થિક રીતે સ્વતંત્ર થઇ શકાય છે. તો ચાલો આજે આપણે વાત કરીશું કન્ટેન્ટ રાઈટિંગની કરિયર વિશે.

● કન્ટેન્ટ રાઈટિંગ વિશે સમજો...

આ તમે જે લેખ વાંચી રહ્યા છો તે એક પ્રકારનું કન્ટેન્ટ જ છે. કન્ટેન્ટનો મતલબ એ છે કે લખાણ, વીડિયો કે ઓડિયોના માધ્યમથી લોકો સુધી જે વાત પહોંચાડવી. એટલે કે કન્ટેન્ટ આ ત્રણમાંથી કોઇપણ સ્વરૂપમાં હોય છે. વળી લેખિત કન્ટેન્ટની તો સૌથી વધુ ડિમાન્ડ છે. લોકોને વાંચવું ગમે તેવું લખાણ લખનારાઓની માગ ક્યારેય અટકતી નથી અને સતત તેના માટે સારા પ્રોફેશનલ્સની જરૂર પડતી જ હોય છે. આથી જો તમને લખાણમાં રસ હોય તો તમે કરિયરમાં આગળ વધી શકો છો. હા તેના માટે તમે જે ભાષામાં લખવા માગતા હોય તેના ઉપર તમારુ પ્રભુત્વ હોવું ખૂબ જ જરૂરી છે. જો સારી ભાષામાં લખતા આવડતું હોય તો તમને મોં માગ્યા પૈસા આપનારાઓ પડ્યા છે. જો કન્ટેન્ટની વાત કરું તો લખાણ તે એક મૂળભૂત જરૂરિયાત છે. વીડિયો અને ઓડિયો કન્ટેન્ટ બનાવનારાઓને પણ લેખિત કન્ટેન્ટની ખાસ જરૂર પડતી હોય છે અને તેના ઉપર નિર્ભર હોય છે. આથી એમ કહી શકાય કે લેખિત કન્ટેન્ટ તે ત્રણેય પ્રકારના કન્ટેન્ટનો પાયો છે. લેખિત કન્ટેન્ટ એટલે કે સાદી ભાષામાં કહીએ તો લખાણ કે લેખ વગર કોઇપણ બાબત બીજાને જણાવવી અઘરી થઇ પડે છે. ફિલ્મોના ડાયલોગ્સ હોય કે રેડિયોમાં રેડિયો જોકી દ્વારા બોલવામાં આવતી બાબતે પહેલા લેખિત સ્વરૂપમાં હોય છે અને તેને કંઠસ્થ કરીને બોલવામાં આવતી હોય છે. અમુક જ પ્રકારના વિચક્ષણ લોકો હોય છે કે જે લખાણને કંઠસ્થ કર્યા વગર કે વાંચ્યા વગર અસ્ખલિત વાણીમાં બોલી શકતા હોય છે. ખાસ કરીને તમે રાજકારણ કે કોઇપણ વિષયના નિષ્ણાતો હોય તો તે પણ લેખિતમાં લખેલા ભાષણને વાંચતા હોય છે. જેને આપણે સ્પીચ કહીએ છીએ તે પણ તેમણે પોતે અથવા કોઇ કન્ટેન્ટના નિષ્ણાતે લખેલી હોય છે અને તે લોકો સમક્ષ રજૂ કરવામાં આવતી હોય છે. આથી લખાણ કે લેખ લખતા આવડતું હોય તો તમે રાજા બની શકો છો.

● કન્ટેન્ટની ક્યાં-ક્યાં જરૂરિયાત હોય છે ?

જો આ પ્રશ્નનો જવાબ જોઇતો હોય તો હું કહીશ કે કન્ટેન્ટની ક્યાંય જરૂરિયાત નથી. વ્યક્તિ જ્યારે અભ્યાસ કરતો હોય ત્યારે પાઠ્ય પુસ્તકથી લઇને બિઝનેસ શરૂ કરે તો તેની વેબસાઇટમાં કે જાહેરાતમાં લખવામાં આવતા લખાણ એક પ્રકારનું કન્ટેન્ટ જ હોય છે. આથી એમ કહી શકાય કે કન્ટેન્ટ રાઈટિંગ એક પ્રકારે આપણા દૈનિક જીવનનો અંતરંગ ભાગ જ છે. ખાસ કરીને ઇન્ટરનેટ, ઇન્ફર્મેશન ટેકનોલોજી અને સોશિયલ મીડિયાના જમાનામાં કન્ટેન્ટ રાઈટિંગની ડિમાન્ડ ખૂબ જ વધી ગઇ છે. એક સામાન્ય વાત કરું તો દરેક કંપની કે પેઢીઓ પોતાની એક વેબસાઇટ તો રાખતા જ હોય છે.

આ ઉપરાંત ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, લિન્કડઇન અને ટ્વીટર ઉપર પોતાના એકાઉન્ટ હોય છે. આ તમામ જગ્યાએ લખાણ લખવાની જરૂર પડતી હોય છે. તેના માટે કન્ટેન્ટ રાઇટર્સની જરૂરિયાત હોય છે. આ ઉપરાંત કંપની આંતરિક બાબતો કર્મચારીઓને જણાવવા, ક્લાયન્ટને જણાવવા કે બિઝનેસના વિકાસ માટે વાંચન સામગ્રી તૈયાર કરવા માટે જે-તે વિષયના કન્ટેન્ટ રાઇટર્સની જરૂર હોય છે. સોશિયલ મીડિયા હેન્ડલ્સમાં એક લાઇનના લખાણથી લઇને આખાના આખા પુસ્તક તૈયાર કરવા તે એક પ્રકારે કન્ટેન્ટ જ છે. આથી આજકાલ ડગલેને પગલે કન્ટેન્ટ રાઇટર્સની જરૂર પડતી હોય છે અને તેનો લાભ તમે લઇ શકો છો.

● કોણ બની શકે છે કન્ટેન્ટ રાઇટર્સ ?

કન્ટેન્ટ રાઇટર્સ બનવા માટે કોઇ ડિગ્રીની જરૂરિયાત નથી કે તેના વિષે કોઇ કોર્ષ કરવાની જરૂર નથી. કોઇ ટીનેજર હોય કે સિનિયર સિટિઝન, જો તેમનો ભાષા ઉપર પ્રભુત્વ હોય તો તેઓ કન્ટેન્ટ રાઇટર્સ બની શકે છે. બસ ખાલી લોકો સમજી શકે તેવી ભાષામાં રચનાત્મક દિમાગ, સ્પષ્ટ લખાણ, સચોટ વ્યાકરણ, સારા શબ્દપ્રયોગો અને લોકોને સરળતાથી ગળે ઉતરી જાય તે રીતે લખવાની આવડત હોય તો વ્યક્તિ કન્ટેન્ટ રાઇટર્સ બની શકે છે. કન્ટેન્ટ રાઇટર્સ પોતાની પસંદગીની ભાષા ઉપર લખી શકે છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ કે પછી કોઇપણ ભાષા હોય તેના ઉપર તમારૂં પ્રભુત્વ હોય તો તમને ક્યાંકને ક્યાંક કામ તો મળી જ રહે છે. આથી બસ તમારે શોધવાની છે એક તક કે ક્યાં તમને કન્ટેન્ટ રાઇટિંગનું કામ મળી રહે છે. સૌથી વધુ કામ વેબસાઇટ ડેવલપર્સ, બુક પબ્લિશર્સ જાહેરાત એજન્સીઓ અને સોશિયલ મીડિયા એજન્સીઓ પાસેથી મળી રહે છે. આથી જો આ ક્ષેત્રમાં તમારા સંપર્કો હોય તો તમે અબઘડીએ કામ શરૂ કરી શકો છો.

● કોના માટે છે ઉત્તમ કરિયર ?

ઉપર મેં મથાળામાં લખ્યું છે કે, કોઇપણ વ્યક્તિ કન્ટેન્ટ રાઇટિંગને પોતાની સ્વતંત્ર કરિયર બનાવે તો પણ તેને સારા એવા પૈસા મળતા હોય છે પરંતુ આ એક એવી કરિયર છે કે તમે તમારા સમયે, ઘરે બેઠા અને તમારી અનુકૂળતાએ કામ કરવાની પણ તકો આપે છે. કન્ટેન્ટ ક્રિએટરને ઓફિસે બેસીને ફરજિયાત કામ કરવું પડે તેવી કોઇ ખાસ ડિમાન્ડ હોતી નથી. કોઇપણ ક્લાયન્ટ હોય તેને તો પોતાના કામ, સમયસર કામ અને સારૂં કામ મળે તેનાથી મતલબ હોય છે. આથી તમે કન્ટેન્ટ ઘરે બેઠા લખો છો કે પછી ઓફિસમા બેસીને લખો છો તેનાથી કોઇ મતલબ હોતો નથી. આથી કોઇ વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ કે પછી નિવૃત્ત વ્યક્તિઓ માટે આ એક ઉત્તમ કરિયર કહેવાય છે. ફિલ્ડમાં જવાનું હોતું નથી, વળી કામ પણ ઇમેલ કે વોટ્સએપથી જ મોકલાવી દેવામાં આવે છે અને સૂચના પ્રમાણે તૈયાર કરીને પાછું મોકલી દેવાનું હોય છે. આથી તમારી ફુરસદે કોઇપણ જગ્યાએથી કામ કરો કોઇ વાંધો નથી. હા વળી તેમાં કોઇ મોટા મૂડીરોકાણની પણ જરૂર નથી. તમારી પાસે ડેસ્કટોપ કોમ્પ્યુટર કે લેપટોપ અને સાથે ઇન્ટરનેટ કનેક્શન હોય તો તમે રાજા. ઇન્ટરનેટ કનેક્શન ના હોય અને ઇન્ટરનેટની બહુ જરૂર ના પડતી હોય તો મોબાઇલથી પણ કનેક્ટ કરીને કામ કરી શકો છો. આથી તેમાં કોઇ ભારે ખર્ચો આવતો નથી. જો તમને કન્ટેન્ટનું કામ નિયમિત મળી રહે તો છ મહિનામાં તો કોમ્પ્યુટરનો ખર્ચો પણ નીકળા જાય તેટલી કમાણી થાય છે.

● કેવી રીતે થાય છે કમાણી ?

કેન્ટન્ટ રાઇટર્સની કમાણી તમારી આવડત ઉપર અને તમને કેટલું કામ આપવામાં આવે છે તેના ઉપર આધારિત છે. લખાણની દુનિયામાં કન્ટેન્ટ રાઇટર્સ સૌથી પ્રાથમિક ધોરણે કામ કરતા હોય છે ત્યારબાદ તેમના આવડત આવે તો તેઓ લેખની કેટેગરી સુધી પહોંચી જાય પછી તો કમાણીની કોઇ સીમા જ હોતી નથી. મોં માંગ્યા પૈસા મળી શકે છે. પરંતુ સામાન્ય રીતે કન્ટેન્ટ રાઈટિંગની કમાણીની વાત કરીઓ તો તે ઓખા પ્રોજેક્ટ, પેજ અને શબ્દોના આધારે પૈસા મળે છે. એટલે કે જો તમે કોઇ બુક લખવાનો કે આખી વેબસાઇટનું તમામ લખાણ લખવાનું કામ લો તો તેને પ્રોજેક્ટ કહેવાય છે અને તેના સહેજે દસથી પંદર હજાર રૂપિયા મળી રહે છે. વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ કે નિવૃત્તોને આટલા પૈસામાં સહેલાઇથી મહિનાના પોકેટ મની મળી મળી જાય છે. ઘણી વખત અમુક પેજનું લખાણ લખવાનું હોય છે. તે એક પેજ પ્રમાણે રૂા.૩૦થી લઇને રૂા.૩૦૦ સુધીનો ચાર્જ લઇ શકાય છે. તમને કોઇ ક્લાયન્સ સતત કામ કરતા હોય તો શબ્દ દીઠ પચાસ પૈસાથી લઇને પાંચ રૂપિયા સુધીનો ચાર્જ વસૂલી શકાય છે. સરવાળે તમને મહિને પંદરથી વીસ હજારની આવક આસાનીથી મળી શકે છે. પછી તો કામનો પ્રકાર કેવો છે તેના ઉપર ચાર્જ હોય છે. અઘરૂં કામ હોય તો તમને એ પ્રકારે પૈસા ઓફર થાય છે. વિજ્ઞાન, તબીબી કે બીજા ટેકનિકલ લખાણો હોય તો કન્ટેન્ટ રાઇટર્સને મોં માગ્યા પૈસા મળે છે. અંગ્રેજીમાં લખાણ લખો ત્યારે સૌથી વધુ પૈસા મળે છે. આમ જેવી આવડત એવા પૈસા. ઘણા કન્ટેન્ટ રાઇટર્સ તો પોતાની પેઢી શરૂ કરીને મોટા પાયે કામ મેળવીને બીજા કન્ટેન્ટ રાઇટર્સને નોકરીએ રાખતા હોય છે. આથી આ દુનિયામાં તમે જેટલું ઝુકાવો એટલા પૈસા મળી રહે છે.

તો વિચારો અને જોડાઇ જવા કન્ટેન્ટ રાઇટર્સની દુનિયામાં....

ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઇ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે.એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાતટુડેના ઇ-મેઇલ પર મોકલી શકે છે.
E-mail:sahebtoday@gmail.com

હેલ્લો સ્ટુડન્ટ્સ
- સાહેબ સોની

પત્રકારત્વમાં "ગુજરાત ટુડે"નો ઝંડો સતત ઊંચે ફરકતો રાખવામાં તંત્રી અઝીઝ ટંકારવીનું યોગદાન

'અઝીઝભાઇ મિતભાષી, મૃદુભાષી અને સૌજન્યશીલ-સ્નેહાળ વ્યકિતત્વના માલિક છે' એમણે અથાક મહેનતથી સ્થાપેલી અને ઉછેરેલી સમૃદ્ધ પરંપરાના માર્ગે તેઓ સૌના સહકારથી આગળ લઇ જવાનો પ્રયાસ કરતા રહેશે. આવા ખ્યાત સાહિત્યકાર-શાયર અને તંત્રીની કાયમી છાપ આજનું 'ગુજરાત ટુડે' ધરાવે છે.

ગુજરાત ટુડેના તંત્રી અઝીઝ ટંકારવીને બેસ્ટ તંત્રી લેખ માટે વર્ષ ૧૯૯૪-૯૫માં મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે બેસ્ટ એડિટોરિયલ એવોર્ડ એનાયત કરાયો હતો

"અઝીઝ ટંકારવી હરદિલ અઝીઝ ઈન્સાન છે. ભરૂચ જિલ્લાના ટંકારીઆ ગામે કેટલા બધા ગઝલકારોની ગુજરાતી ભાષાને ભેટ ધરી છે !... અઝીઝ ટંકારવી ટંકારીઆના વતની એટલે એમની રગેરગમાં ગઝલ ન વહેતી હોય તો જ આશ્ચર્યજનક લેખાય! ગુજરાતી ગઝલનો ઈતિહાસ લખનારે રાંદેર, ટંકારીઆ, પાલનપુર સહિતના કેટલાક સ્થળ વિશેષોના ગઝલ પ્રદાનની નોંધ લેવી પડશે." આ શબ્દો છે ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકાર અને પત્રકાર ભગવતીકુમાર શર્માના.

અઝીઝ ટંકારવીનો જન્મ ભરૂચ જિલ્લાના ટંકારીઆ ગામે ૧૯૪૪ની પહેલી જૂને થયેલો. તેમનું મૂળ નામ ઉમર અહમદ ઉઘરાતદાર. બી.એ.(ગુજ. યુનિ.), બી.એડ (એમ.એસ. યુનિ.) થઈને શિક્ષકની તાલીમી લાયકાત તેમણે પ્રાપ્ત કરેલી છે. વાર્તાકાર, ગઝલકાર બન્યા એટલે ઉપનામ અઝીઝ ટંકારવી થયું. આજે હવે માત્ર ગઝલકાર તરીકે જ નહીં પણ હરહંમેશ માટે તેમની ઓળખ એ નામે જ થાય છે અને વતનનું નામ પણ ઘૂંટાય ચૂક્યું છે. એમની જાણીતી ગઝલનો શેર છે :

સૌના ચહેરે ખુશીની છાલક છે,
'અઝીઝ' આ તારું ગામ લાગે છે.
★
એક ઘા રુઝાય ત્યાં બીજો દૂઝે,
જિંદગી પણ એટલે લાગે સરસ

અહીં સમજાય છે કે કવિ દુઃખથી કે વેદનાથી દૂર ભાગતા નથી. પરંતુ એક પર એક થતા રહેતા ઘા પછી પણ જિંદગીને સરસ રીતે માણી શકે છે. ગુણવંત શાહ કહે છે તેમ આ જ ખરો 'અસ્તિત્વનો ઉત્સવ' છે. પોતાનું મૂળ નામ લોપાઈ ગયું પણ પોતાના તખલ્લુસમાં તેમણે ગામના નામને કાયમ માટે જોડી દીધું !

અઝીઝ શાયર છે તે ઉપરાંત નિબંધકાર ('સંબંધો હજીય મહેકે છે.'), વાર્તાકાર ('લીલોછમ સ્પર્શ', 'સનદ વગરનો આંબો', 'જિજીવિષા', 'અઝીઝ ટંકારવીની શ્રેષ્ઠ વાર્તાઓ') અને પત્રકાર (ગુજરાત ટુડે) પણ છે. તેઓ નવલકથાકાર પણ છે. એકવીસમી સદીમાં પણ ભારતના દલિતોની સ્થિતિ કેવી વિકટ છે તેનું આલેખન તેમની 'વંટોળિયો' નવલકથામાં કર્યું છે. એ 'વંટોળિયો' દૂર થવા માટે ભરપૂર પ્રયત્નો થાય તો જરૂર અંધકારભર્યા વાદળો દૂર થાય તેવા આશાવાદી પણ છે. વર્ષ ૨૦૦૬ની ગુજરાતી ભાષાની ઉત્તમ ટૂંકી વાર્તાઓનું સંપાદન તેમના નામે બોલે છે. એમના ગઝલ સંગ્રહનું નામ છે : 'અટકળનો દરિયો.'

ગુજરાતમાં મુસ્લિમ લઘુમતી સમાજના **"લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટે"** જે પ્રથમ ગુજરાતી દૈનિક શરૂ કરવાની પહેલ કરી તેના તંત્રીપદે આ સાહિત્યકાર મિત્રની વરણી થઈ.

"ગુજરાત ટુડે" દૈનિક શરૂ થયું જુલાઈ ૯૧માં તે પહેલાંથી તેઓ ટ્રસ્ટના ટ્રસ્ટી-સેક્રેટરી. દૈનિક શરૂ થયા પહેલાં બે મહિનામાં જ એના આદ્યસ્થાપક-ટ્રસ્ટ પ્રમુખ ભાઈખાનભાઈ બલુચ અને દૈનિક શરૂ થયાના અઢી મહિનામાં જ એના પ્રથમ તંત્રી વ્રજ માતરી ફાની દુનિયા છોડી જતા રહ્યા. આમ થતાં ટ્રસ્ટી મંડળે ટ્રસ્ટના ટ્રસ્ટી-સેક્રેટરી, કેળવણીકાર-સાહિત્યકાર અઝીઝભાઈને તંત્રી તરીકેનો પદભાર સોંપ્યો. તેમણે

વ્યક્તિ વિશેષ
- ડંકેશ ઓઝા

પણ પોતાના શિક્ષણકાર્યના સરકારી (પેન્શનેબલ) જોબથી રાજીનામું આપી, ટ્રસ્ટી મંડળના સાથ-સહકારથી ટ્રસ્ટની ભાઈચારો, સમાજ ઉત્કર્ષ અને પત્રકારત્વમાં સત્ય અને કેવળ સત્યને ઉજાગર કરવાનું બીડું ઝડપ્યું. જેમાં 'ગુજરાત ટુડે' પરિવારનો પૂરો સાથ મળતાં પત્રકારત્વમાં 'ગુજરાત ટુડે'નો ઝંડો ઊંચે ફરકતો કર્યો, જે મિશન આજે પણ અવિરત ચાલુ છે. ટ્રસ્ટની પોલિસી છે કે, દૈનિકના માધ્યમ થકી ફક્ત લઘુમતી માટે જ નહીં પણ દલિતો, દબાયેલા કચડાયેલા વર્ગથી લઈ અન્યાય થતા દરેક વર્ગની વ્હારે ધાવું, દૈનિકે ત્રણ દાયકામાં બેનમૂન કાર્ય કર્યું, આજેય અવિરત ચાલુ છે. સાહિત્યમાં તો કલ્પનાશીલતા ઉમેરીને અભિવ્યક્તિ થતી હોય છે. પત્રકારનું કામ સમૂહ માધ્યમોના વાહક તરીકે વાસ્તવની ધરાતલ પર રહેવાનું હોય છે. તથ્યપૂર્ણ રજૂઆત એ પત્રકારત્વનો ગુણધર્મ છે. સનસનાટી વિના સમાચારોની રજૂઆત આજે અઘરી બનવા લાગી છે ત્યારે હકીકતોનું બયાન તટસ્થતાપૂર્વક થાય એ જોવાની ફરજ તંત્રીની બની રહેતી હોય છે.

અઝીઝ ટંકારવીને ગુજરાત સરકાર તરફથી ૧૯૯૪-૯૫ના વર્ષ માટે શ્રેષ્ઠ તંત્રીલેખ તરીકેનું સન્માન (દૈનિક શરૂ થયાના ચાર વર્ષમાં જ) પ્રાપ્ત થયેલું છે. સાંપ્રદાયિક તણાવના માહોલમાં નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન તરફથી અઝીઝને તેમના નિબંધસંગ્રહ 'સંબંધો હજીય મહેકે છે' (૧૯૯૫) માટે **કોમી એકતા એવોર્ડ** એનાયત થયેલ છે. એક બાજુ 'ઈસ્લામ ખતરે મેં હૈ' અને બીજી તરફ 'ગર્વ સે કહો હમ હિન્દુ હૈ'નો માહોલ દાયકાઓથી ગરમાતો રહ્યો છે ત્યારે 'ગર્વ સે કહો હમ ઈન્સાન હૈ'ની શાશ્વત મૂલ્યવાન, માનવીય વાત આ નિબંધોમાં ગુજરાતી ભાષાના ખ્યાત સાહિત્યકારોના લેખોને ગ્રંથસ્થ કરીને અઝીઝે બરાબર ઘૂંટી છે. જેને કારણે જ માનવીય સંબંધોની મહેક તરોતાજા છે; વાસી થતી નથી. એ પુસ્તકની

પ્રસ્તાવના અંગ્રેજી સાહિત્યના અભ્યાસી પ્રાધ્યાપક અને ગાંધીજીના અક્ષરદેહના ગ્રંથોના એકનિષ્ઠ સંપાદક ચી.ના.પટેલે લખી છે.

નડિયાદની સાહિત્ય સંસ્થા તરફથી 'સનદ વગરનો આંબો' વાર્તાસંગ્રહને 'ધૂમકેતુ' એવોર્ડ, શેખાદમ આબુવાલા ટ્રસ્ટ તરફથી શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ (૨૦૧૪), ગુજરાતી રાઈટર્સ ગીલ્ડ (UK) તરફથી 'ઉત્તમ સાહિત્ય પ્રદાન' એવોર્ડ (૨૦૦૦) અને 'ગુજરાત જર્નાલિસ્ટ યુનિયન' તરફથી 'સિનિયર જર્નાલિસ્ટ એવોર્ડ'થી તેમને નવાજવામાં આવ્યા છે.

શરૂઆતના વર્ષોમાં તેમણે શિક્ષણ ક્ષેત્રે સોળ વર્ષ સુધી કાર્ય બજાવ્યું અને તે પછી વિદેશની ધરતી પર નવ વર્ષ રહ્યા. વતન પરત ફરતાં પાછા શિક્ષણ ક્ષેત્રે અઢી વર્ષ કામ કર્યું, ત્યારબાદ અઢી દાયકા ઉપરાંત તેઓ દૈનિક 'ગુજરાત ટુડે'ના તંત્રીપદે રહ્યા. આ દરમ્યાન પણ અમદાવાદમાં, ગુજરાતમાં અને વિદેશોમાં મુશાયરાઓમાં તેઓ પોતાની ગઝલોથી શ્રોતાઓને આનંદ વહેંચતા રહ્યા. એમની ગઝલો અન્ય ભાષાઓમાં પણ અનુવાદ પામી છે. ૨૦૨૨માં જયપુરના બોધિ પ્રકાશને હિંદીમાં તેમનો વાર્તાસંગ્રહ "બિના સનદ કા આમ કા પેડ" પ્રસિદ્ધ કર્યો.

અઝીઝ ટંકારવી "ગુજરાત ટુડે"માં લાંબો સમય તંત્રી, હાલ દૈનિકના પ્રકાશક, મુદ્રક, ટ્રસ્ટના સેક્રેટરી (ટ્રસ્ટી) તરીકેની જવાબદારી દિલપૂર્વક નિભાવી રહ્યા છે. 'ગુજરાત ટુડે'ના મિશનને સફળ બનાવવા લોકોનો સાથ-સહકાર મેળવવા તેઓએ વરસોથી ભારે યોગદાન આપ્યું છે, હજી પણ આપી રહ્યા છે. ઉપરાંત તેઓ અખબારને સત્ય પ્રકાશિત કરતા સમાચારો અને ઉમદા વિચારોવાળા લેખોના અનુવાદથી સમૃદ્ધ કરતા રહ્યા.

ટ્રસ્ટ વરસોથી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક મદદ કરે છે. વ્યાજની રકમમાંથી બિન-મુસ્લિમ વિદ્યાર્થીઓને પણ મદદરૂપ થાય છે. આમ ટ્રસ્ટના માનવતાભર્યા કાર્યને ટ્રસ્ટી મંડળ આજેય બરાબર રીતે અનુસરે છે.

ગુજરાત સરકારના (પૂર્વ) ઉચ્ચ અધિકારી જનાબ મુસ્તુફાખાન પઠાણ ત્યારે સમાજના દુઃખદર્દો અને વ્યથાઓ ઓછી થાય તે માટેના **ટ્રસ્ટના ફરિયાદ નિવારણ સેલમાં** કામ કરતા હતા. ટ્રસ્ટી મંડળે મુસ્તુફાખાનને તંત્રી પદભાર સોંપ્યો. આ સમયગાળાને વાગોળતા તેઓ કહે છે કે, 'અઝીઝભાઈ મિતભાષી, મૃદુભાષી અને સૌજન્યશીલ-સ્નેહાળ વ્યકિતત્વના માલિક છે' એમણે અથાક મહેનતથી સ્થાપેલી અને ઉછેરેલી સમૃદ્ધ પરંપરાના માર્ગે તેઓ સૌના સહકારથી આગળ લઈ જવાનો પ્રયાસ કરતા રહેશે. આવા ખ્યાત સાહિત્યકાર-શાયર અને તંત્રીની કાયમી છાપ આજનું 'ગુજરાત ટુડે' ધરાવે છે.